
ગુજરાતમિત્ર
# શો ટાઈમ
ગુરુવાર ૩૦ જુલાઈ, ૨૦૨૬



ગંગા જમુનાઃ હિન્દી સિનેમાની માસ્ટરપીસ Pg.2



મારા માટે પ્રેમ દોસ્તી છેઃ અનન્યા પાંડે Pg.4

## આખરે ‘ચંદુ’, ‘ચેમ્પિયન’ બની ગયો...

## હવે મટીને ‘આઉટસાઇડર’, બોલિવૂડને થઇ કાર્તિકની કદર






બોલિવૂડમાં દર વર્ષે નવા ચહેરાઓ આવે છે, પરંતુ બહારથી આવેલા કલાકારો માટે અહીં પોતાનું સ્થાન બનાવવું કોઈ નાનીસૂની વાત નથી. તેમાં પણ બોલિવૂડમાં એવી ઘણી વ્યક્તિઓ છે, જે બહારથી આવેલા કલાકારોને સહેલાઈથી સ્વીકારતી નથી. આવા કલાકારો ઘણીવાર મજાક અને ટીકાનો ભોગ બને છે. આવી પરિસ્થિતિમાં પોતાનું આગવું સ્થાન બનાવવું અત્યંત મુશ્કેલ હોય છે. છતાં કેટલાક એવા અભિનેતાઓ છે, જેમણે બહારથી આવ્યા હોવા છતાં પોતાની પ્રતિભાના બળે અલગ ઓળખ ઊભી કરી છે. આ યાદીમાં અક્ષય કુમાર, રાજકુમાર રાવ, કૃતિ સેનન, અનુષ્કા શર્મા, પ્રિયંકા ચોપરા અને આયુષ્માન ખુરાનાનો સમાવેશ થાય છે. હવે આ યાદીમાં કાર્તિક આર્યનનું નામ પણ ગૌરવપૂર્વક ઉમેરાયું છે.

‘પ્યાર કા પંચનામા’ ફિલ્મથી પોતાની કારકિર્દીની શરૂઆત કરનાર કાર્તિકને શરૂઆતના દિવસોમાં ફિલ્મ ઉદ્યોગ તરફથી ખાસ સારો પ્રતિસાદ મળ્યો નહોતો. તેને એક નવા કલાકાર તરીકે જોવામાં આવતો હતો, તેથી કોઈ મોટા દિગ્દર્શકે તેને પોતાની ફિલ્મમાં તક આપી નહોતી. બહારથી આવેલો કલાકાર હોવાથી તેની મજાક પણ ઉડાવવામાં આવતી હતી.

> **એક ખેલાડીનું પાત્ર જીવંત બનાવવા માટે તેણે કઠોર મહેનત કરી હતી અને પાત્રમાં સંપૂર્ણપણે ઓતપ્રોત થઈ ગયો હતો. આખરે તેની મહેનત રંગ લાવી અને વર્ષ ૨૦૨૬માં તેને શ્રેષ્ઠ અભિનેતા તરીકેનો રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર મળ્યો**

‘કોફી વિથ કરન’ કાર્યક્રમમાં કેટલાક મહેમાન કલાકારોએ તો તેને હૃતિક રોશનની સસ્તી નકલ સુધી કહી દીધો હતો. પ્રથમ ફિલ્મના લગભગ બે વર્ષ પછી તેને ‘આકાશ વાણી’ ફિલ્મ મળી. ત્યારબાદ વર્ષ ૨૦૧૮માં ‘સોનુ કે ટીટુ કી સ્વીટી’ રિલીઝ થઈ, જેણે તેને વ્યવસાયિક સફળતાનો પ્રથમ સ્વાદ ચખાડ્યો. ત્યાર પછી ‘લુકા છુપી’, ‘પતિ પત્ની ઔર વો’ અને ‘લવ આજ કલ’ જેવી ફિલ્મોથી કાર્તિકને આધુનિક રોમેન્ટિક નાયક તરીકેની ઓળખ મળી. તેમ છતાં તેની મંઝિલ હજી ઘણી દૂર હતી. બોલિવૂડ તરફથી ઠંડો પ્રતિસાદ મળવા છતાં કાર્તિક સતત પોતાના માર્ગ પર આગળ વધતો રહ્યો. તેનું નામ કેટલીક વિવાદાસ્પદ બાબતો સાથે પણ જોડાયું. થોડા સમય પહેલાં તેનું નામ ગ્રીસની એક યુવતી સાથે જોડવામાં આવ્યું હતું. સામાજિક માધ્યમોમાં આ ચર્ચાએ જોર પકડ્યું હતું અને બંને ગોવામાં સાથે રજાઓ માણી રહ્યા હોવાની અટકળો પણ ચાલી હતી. એક મુલાકાત દરમિયાન અભિનેતા વિજય વર્માએ પ્રચાર માટે ચૂકવવામાં આવતા પૈસા અંગે વાત કરતાં કાર્તિકનું નામ લીધું હતું. તેમના કહેવા મુજબ કાર્તિક પોતાના વિશે ચર્ચા જળવાઈ રહે તે માટે ચૂકવણી કરીને સમાચાર પ્રસિદ્ધ કરાવે છે. જોકે આ દાવાની ક્યારેય સત્તાવાર પુષ્ટિ થઈ નથી. આ પહેલાં વર્ષ ૨૦૨૧માં પણ કાર્તિક વિવાદમાં આવ્યો હતો. અહેવાલો મુજબ ફિલ્મ નિર્માતા કરણ જોહર સાથે સર્જનાત્મક મતભેદ થતાં તેને ‘દોસ્તાના ૨’માંથી દૂર કરવામાં આવ્યો હતો. કરણ જોહરે ત્યારબાદ જણાવ્યું હતું કે સર્જનાત્મક મતભેદોને કારણે આમ કરવું પડ્યું હતું.

આટલા વિવાદો છતાં કાર્તિકને ‘ભૂલ ભુલૈયા ૨’ અને ‘ભૂલ ભુલૈયા ૩’ જેવી સફળ ફિલ્મો મળી. જોકે ત્યારબાદ આવેલી ‘તું મેરી મેં તેરા, મેં તેરા તું મેરી’ બોક્સ ઓફિસ પર નિષ્ફળ ગઈ, જેના કારણે તેની ભારે ટીકા થઈ. કેટલાક લોકોએ તો તેને નબળો અભિનેતા પણ ગણાવ્યો. માત્ર એક ફિલ્મ નિષ્ફળ જતાં જ બોલિવૂડમાં તેના વિશે અનેક પ્રકારની ટીકાઓ થવા લાગી. ત્યારબાદ આવી તેની કારકિર્દીની સૌથી મહત્ત્વપૂર્ણ ફિલ્મ ‘ચંદુ ચેમ્પિયન’. આ ફિલ્મમાં કાર્તિકે ભારતના પ્રથમ પેરાલિમ્પિક સુવર્ણપદક વિજેતા મુરલીકાંત પેટકરની ભૂમિકા ભજવી. એક ખેલાડીનું પાત્ર જીવંત બનાવવા માટે તેણે કઠોર મહેનત કરી હતી અને પાત્રમાં સંપૂર્ણપણે ઓતપ્રોત થઈ ગયો હતો. આખરે તેની મહેનત રંગ લાવી અને વર્ષ ૨૦૨૬માં તેને શ્રેષ્ઠ અભિનેતા તરીકેનો રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર મળ્યો. દેશનો આ પ્રતિષ્ઠિત પુરસ્કાર મળતા જ બોલિવૂડનો કાર્તિક પ્રત્યેનો દૃષ્ટિકોણ બદલાઈ ગયો. ફિલ્મ નિર્માતા કરણ જોહરે ઇન્સ્ટાગ્રામ પર કાર્તિકના વખાણ કરતાં કહ્યું કે તે પોતાની ફિલ્મોના પ્રચારમાં પારંગત છે. તેને દર્શકો સાથે કેવી રીતે જોડાવું અને પોતાની લોકપ્રિયતાનો અસરકારક ઉપયોગ કેવી રીતે કરવો તે સારી રીતે આવડે છે. બોલિવૂડના અન્ય કલાકારોએ પણ ‘ચંદુ ચેમ્પિયન’ ઉપરાંત ‘ધમાકા’ અને ‘ફ્રેડી’ જેવી ફિલ્મોમાં તેના અભિનયની નોંધ લીધી. આ ફિલ્મોએ તેની માત્ર રોમેન્ટિક નાયકની છબીને તોડી અને સાબિત કર્યું કે તે ગંભીર તથા પડકારજનક પાત્રો પણ એટલી જ અસરકારક રીતે ભજવી શકે છે. અભિનેતા અર્જુન કપૂરે જણાવ્યું હતું કે કાર્તિકે આ ફિલ્મ દ્વારા હિન્દી ફિલ્મ ઉદ્યોગને સારી ફિલ્મોના દુકાળમાંથી બહાર કાઢવામાં મહત્વની ભૂમિકા ભજવી છે. તેના મત મુજબ કાર્તિક હિન્દી સિનેમાનો ‘તારણહાર’ બનીને ઉભરી આવ્યો છે. અભિનેત્રી અનન્યા પાંડેએ પણ ફિલ્મ અને પોતાના પાત્ર પ્રત્યે કાર્તિકના સમર્પણ તથા મહેનતના ભરપૂર વખાણ કર્યા હતા.

આમ, જે કાર્તિકની એક સમય મજાક ઉડાવવામાં આવતી હતી, આજે તેના જ સૌ વખાણ કરી રહ્યા છે. જેને એક સમયે નબળો અભિનેતા ગણવામાં આવતો હતો, તેને આજે હિન્દી સિનેમાના મહત્વના કલાકારોમાં સ્થાન આપવામાં આવી રહ્યું છે અને દરેક તેની સાથે કામ કરવા ઉત્સુક છે. હવે કાર્તિક પોતાની આગામી ફિલ્મ ‘નાગઝિલા’ દ્વારા દર્શકો સમક્ષ આવવાનો છે. ઉપરાંત ‘ભૂલ ભુલૈયા ૪’માં તે ફરી એકવાર રૂહ બાબાના પાત્રમાં દર્શકોનું મનોરંજન કરશે. અંતે એટલું જ કહી શકાય કે ‘ચંદુ ચેમ્પિયન’ માત્ર એક ફિલ્મ નહોતી, પરંતુ કાર્તિક આર્યનની કારકિર્દીનો ટર્નિંગ પોઇન્ટ સાબિત થઈ. આ ફિલ્મે તેને માત્ર રાષ્ટ્રીય પુરસ્કાર જ અપાવ્યો નથી, પરંતુ બોલિવૂડમાં એક સાચા અર્થમાં ‘ચેમ્પિયન’ તરીકે સ્થાપિત પણ કર્યો છે. •

## સૈફ રમ્યો ચેરિટી મેચ



બોલિવ્લોગ વિથ પૅપ

સૈફ અલી ખાને ઈન્સ્ટાગ્રામ પર તેનો એક વીડિયો અને કેટલાક ફોટા શેર કર્યા છે, જેમાં તે સફેદ યુનિફોર્મમાં જોવા મળે છે. હાલમાં સૈફ ઈંગ્લેન્ડમાં એક ચેરિટી મેચ રમવા માટે જોડાયો હતો. આ મેચમાં સૈફ સાથે ઈંગ્લેન્ડના ભૂતપૂર્વ ક્રિકેટર ઉસ્માન અફઝલ અને મોન્ટી પનેસર પણ જોડાયા હતા. સૈફ આ વિશે જણાવે છે કે, ‘‘ખુલ્લા મેદાનમાં પિતા અને પુત્ર સાથે એક મેચ રમવાનો અનુભવ ઘણો યાદગાર રહ્યો. ઈંગ્લેન્ડના મેદાન પર આ મારા દીકરાની પહેલી ક્રિકેટ મેચ હતી અને ક્રિકેટ રમવાની ખરેખર ઘણી મજા આવી. ઈશ્વર ક્યાંક ઘણું બધું આપે છે તો ક્યાંક ઘણું બધું નથી આપતો. આપણે જો આપવા માટે સક્ષમ હોઈએ તો અન્ય પ્રત્યે દયા, કરુણા અને સેવાભાવ રાખવો જોઈએ.’’

આમ, સૈફ અલી ખાને ઈંગ્લેન્ડના ભૂતપૂર્વ ક્રિકેટરો સાથે મળીને ચેરિટી મેચ રમી અને તેમાં અડધી સદી પણ ફટકારી. સૈફ ખરેખર નવાબના ગુણ ધરાવે છે..! સૈફ અલી ખાનની હવે ‘હૈવાન’ ફિલ્મ રિલીઝ થવાની છે. આ ફિલ્મ પ્રિયદર્શન દ્વારા નિર્દેશિત કરવામાં આવી રહી છે. સૈફ અને પ્રિયદર્શનની સાથે આ પહેલી ફિલ્મ છે. ફિલ્મમાં સૈફ સાથે અક્ષય કુમાર પણ છે અને આ ફિલ્મ ૨૬ સપ્ટેમ્બરે રિલીઝ થવાની શક્યતા છે. •

## કાજલને સાઉથનું ડિસિપ્લિન ગમે



દક્ષિણની અભિનેત્રી કાજલ અગ્રવાલે સાઉથની ફિલ્મ ઈન્ડસ્ટ્રી અને હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રી એમ બંનેમાં ફિલ્મો કરી છે. બંને જગ્યાએ કામ કરવાનો પોતાનો અનુભવ તે આપણી સાથે શેર કરે છે. ‘સિંઘમ’ની આ અભિનેત્રીને સાઉથની ફિલ્મોના સેટ પરનું અનુશાસન વધુ ગમે છે. તે જણાવે છે કે, ‘‘સાઉથ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં જે પ્રકારનું પ્રોફેશનાલિઝમ હોય છે, તેની સાથે ત્યાં કામ કરવાની મજા આવે છે. બોલીવુડનો મારો આ બાબતનો અનુભવ અલગ છે. બોલીવુડમાં સમયસર કોઈ પણ કામ થતું નથી.

સાઉથમાં જો સવારે ૬ વાગ્યાનો સમય શૂટિંગ માટે આપ્યો હોય તો તેનો અર્થ સવારે ૬ વાગ્યે જ થાય. હું આવી રીતે કામ કરવાની ટેવાયેલી છું અને મને તેમાં મજા પણ આવે છે. સાઉથમાં ઘડિયાળના કાંટે કામ થાય છે. સવારે ૬ વાગ્યે શૂટિંગ શરૂ થાય અને બપોરે ૧ વાગ્યે અમને લંચ બ્રેક મળે છે. પરંતુ મુદ્દો એ છે કે સાઉથની ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં જે અનુશાસન અને નિયમિતતા છે, તેની હું ટેવાઈ ગઈ છું.’’

કાજલ વધુમાં જણાવે છે કે તે હિન્દી ફિલ્મો કરતાં સાઉથની ફિલ્મો શા માટે વધુ કરે છે. તે કહે છે, ‘‘ભાષા ક્યારેય મારા માટે અવરોધરૂપ બની નથી. પરંતુ જે પ્રકારના રોલ્સ મને સાઉથમાં મળતા હતા, તેવા હિન્દી ફિલ્મોમાં મળતા નહોતા. હું માત્ર સંખ્યા કરતાં ગુણવત્તાને પ્રાધાન્ય આપું છું. ફક્ત વધારે ફિલ્મો કરવાની લ્હાયમાં હું ગમે તે રોલ કરવા તૈયાર થઈ જતી નથી. મને હિન્દી ફિલ્મોમાં સહાયક અથવા સરેરાશ રોલ્સની ઓફર મળતી હતી, જ્યારે સાઉથની ફિલ્મોમાં મજબૂત અને મહત્વપૂર્ણ રોલ્સ મળતા હતા. સ્વાભાવિક છે કે હું મજબૂત રોલ્સ કરવાનું વધુ પસંદ કરું.’’

કાજલ હવે ‘ધ ઈન્ડિયા સ્ટોરી’માં જોવા મળશે. ઉપરાંત, તે નિતેશ તિવારીની ‘રામાયણ’ પાર્ટ-૧ અને પાર્ટ-૨માં મંદોદરીના પાત્રમાં પણ જોવા મળશે. •

## માધવનના પેરેન્ટિંગ રૂલ્સ

આર. માધવનનો ચાહકવર્ગ ઘણો મોટો છે, છતાં તેના દીકરાએ અભિનેતા બનવાને બદલે એક અલગ જ રસ્તો પોતાના માટે પસંદ કર્યો છે. આર. માધવનના પુત્ર વેદાંતે તરવૈયા તરીકેની કારકિર્દી પસંદ કરી છે. વેદાંતે અનેક વખત વિવિધ સ્પર્ધાઓમાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું છે અને તે દેશ માટે ઓલિમ્પિક મેડલ જીતવાની ઈચ્છા ધરાવે છે. તેની પાછળ આર. માધવને નાનપણથી જ તેનામાં જે મૂલ્યોનું સિંચન કર્યું છે. તે કહે છે, ‘‘બાળકો કૃતજ્ઞતાનું વલણ રાખતાં શીખે તે જરૂરી છે. હું ભલે મધ્યમવર્ગમાંથી આવ્યો હતો, પરંતુ મને જે પ્રકારની સફળતા મળી ત્યાર પછી હું જે ઈચ્છું તે મારા પુત્રને આપી શક્યો હોત. પરંતુ તેમ કરવાથી તેની વિપરીત અસર બાળક પર પડી શકે છે. હું ઈચ્છતો હતો કે વેદાંત શીખે કે તે જે સુવિધાઓ અને વિશેષાધિકારો ભોગવે છે તે કશું આપોઆપ મળ્યું નથી, પરંતુ તે કોઈ બીજાના સમર્પણ અને મહેનતનું પરિણામ છે. તેમના કારણે જ તે આ પ્રકારની જીવનશૈલી ભોગવી શકે છે.’’ આમ, કૃતજ્ઞતાના મૂલ્યો તેનામાં રેડાતા ગયા.



માધવન વધુમાં સરખામણી કરીને સમજાવતો કે તેને જે મોંઘી ભેટ અને રમકડાં મળે છે તેની કિંમત ઘર માટે કામ કરતી વ્યક્તિઓના વાર્ષિક પગાર જેટલી હોય છે.

‘‘ક્યારેક હું તેને અમારા રસોઈયાનો પગાર કેટલો છે તે કહેતો અને તેને પૂછતો કે તેને મળેલી ભેટની કિંમત કેટલી છે તે શું એ જાણે છે? આવી ભેટ ખરીદવા માટે આ વ્યક્તિએ આખું વર્ષ રસોડામાં કામ કરવું પડે! આ વાત વેદાંતને ઘણી સ્પર્શી ગઈ.’’ માધવને એમ પણ કહ્યું કે તે એવું નહોતો ઈચ્છતો કે વેદાંત ફક્ત કૃતજ્ઞતા જ શીખે. તે ઈચ્છતો હતો કે વેદાંત દરેક વ્યવસાયના અને દરેક સામાજિક દરજ્જાના લોકો સાથે સમાન ગૌરવથી વર્તતા શીખે. ‘‘અમારા ડ્રાઈવર, અમારા ગાર્ડ અને ઘરની આયા– બધા સાથે વેદાંત આદરપૂર્વક વાત કરે છે અને બધાને સમાન દૃષ્ટિથી જુએ છે. આ ફક્ત સારા સંસ્કારોની વાત નથી, પરંતુ અન્ય લોકો સાથે પ્રેમ અને કરુણાભાવથી વર્તવાની વાત છે. હું તેને ફક્ત સારો એથ્લીટ જ નહીં, પરંતુ સારો માણસ પણ બનાવવા માગું છું.’’ •